






મુલાયમ જેવા બર્બર બાપને શીંગડાં મારે છે,
ફાટે વચનના વસ્ત્રો અખિલેશ થીગડાં મારે છે,
ઉતારી લે રીંગણાં વીજ વાડીમાંથી દલા ત્રવાડી -
અશિસ્તના ગૂમડેથી પરાણે ભીંગડાં ઉતારે છે

મત્સ ઉદ્યોગ,
- મંત્રી ગળે ફસાઇ,
સત્તા ની ગલ
(રાજીનામું નહીં..)

છે ખેંચાખેંચ
યુપીમાં 'પાવર'ની
અંધાર પટ -
(સામાજિક અશિસ્ત)




## ચિંતન

**અહિંસ ચૈવ ભૂતાનાં કાર્ય શ્રેયો અનુશાસનમ્ ।**
**વાક્ ચૈવ મધુરા શ્લક્ષ્ણા પ્રયોજ્યા ધર્મમિચ્છતા ॥**

પ્રાણીમાત્રને એના ભલા માટે અહિંસાભર્યા શબ્દોમાં જ ઉપદેશ આપવો જોઇએ અને ધર્મમય જીવ ઇચ્છનારે મીઠી, મધુરી તથા નમ્ર-વિનય યુક્ત કોમળ વાણીનો ઉપયોગ કરવો જોઇએ.

પ્રાણીમાત્રને શાંતિ જ જોઇએ છે એટલું જ નહીં પરસ્પરના સંબંધમાં પણ દરેક માણસ પોતાની સાથે સૌ સભ્યતા, સન્માન અને આદરભાવ રાખીને વર્તે એવું જ ઇચ્છતા હોય છે અને એવી જ અપેક્ષા આમને-સામને પણ રહે જ છે.

આપણી વાણી આપણા વર્તનને સુસંગત હોવી જોઇએ, આપણે વાતો ધર્મ અને સત્સંગની કરીએ બોલવામાં કાતર છાપ હોઇએ તો સંબંધો કપાતા જાય છે. આપણી વાણી દરેકને અમૃતમય શાતા અપાવતી લાગવી જોઇએ.

તમને એમ લાગે કે મેં તો સાચું અને રોકડું પરખાવી દીધું એમાં તમને તમારી હિંમત અને બહાદુરી દેખાતાં હોય પણ સામેની વ્યક્તિનું હૃદય-દિલ બળતરાથી બળી જતું હોય ત્યારે તમે 'દુશ્મન' જેવા લાગો છો.

વ્યવહાર સાચવવા માટે, સારા સંબંધો માટે એકમેકનો પ્રેમ પામવા માટે, પરિવાર અને સમાજમાં સુખ-શાંતિ માટે વિનયભરી વાણી જરૂરી છે.

## સુવિચાર

- જે ગરીબ અને નબળાં જનોની સેવા કરે છે તે ભગવાનનો ભક્ત બને છે- **વચનામૃત**
- જીવનમાં મોટામાં મોટો આનંદ એ છે કે નાનું કે મોટું સેવાનું કામ, છાનું-છપનું કરી લેવું અને તે કર્યા પછી ભૂલી જવું **- ચાર્લ્સ લેમ્બ**
- સેવા ઇબાદતથી પણ ઊંચી છે તેનાથી અંદરનો આત્મા રોશન થાય છે **- શેખ સાદી**
- સેવા આપણાં જ સુખ અને શાંતિમાં વધારો કરે છે **- રમેશભાઇ ઓઝા**
- સેવાનાં નાનાં-નાનાં કાર્યો અને સ્નેહભર્યો વ્યવહાર પૃથ્વીને સ્વર્ગ બનાવી દે છે **- જુલિયા કાર્ન**
- ભૂખ્યાંને અન્ન, નિર્વસ્ત્રને વસ્ત્ર, તરસ્યાંને પાણી અને બિમારની સેવા એ જ ઇશ્વરની સેવા છે **- રણછોડદાસજી મહારાજ**
- નિ:સ્વાર્થ સેવાભાવથી સાચું મનુષ્યત્વ અને હૃદયની વિશાળતા ઓળખાય છે **- સ્વામી વિવેકાનંદ**

## બોધ કથા

આજકાલ નેતાશ્રીઓ, પ્રધાનશ્રીઓ, અધિકારીશ્રી અબજો-કરોડોનું જ કરે છે પોતાની સાત પેઢી તો ઠીક કદાચ આવતા ભવની પણ ચિંતામાં જ આવું કરતા હશે, જેને ઇશ્વરમાં શ્રધ્ધા-વિશ્વાશ ન હોય એવા લોકો જે આવી તૈયારી પ્રવૃત્તિમાં મચી પડે છે, ને આંખ મીંચી ખાયકી કરે છે.

સ્વામી આનંદે એક કિસ્સો નોંધ્યો છે, એમના જ પરિવારમાં થઇ ગયેલાં એક મહાત્મા ફક્કડ-રામ. ઇશ્વર પર સંપૂર્ણ શ્રધ્ધા-વિશ્વાસ, માત્ર દોરી-લોટો લઇ હિમાલયની યાત્રાએ નિકળ્યા. રસ્તામાં સદાવ્રત આવે કાંચુ સીધું આપે. ફક્કડ-રામ બે ટિક્કડ (જાડી રોટી) બનાવી લે અને યાત્રા આગળ વધારે, સદાવ્રતમાંથી બહાર નીકળતા જ હતા. ત્યાં સદાવ્રતમાં બેઠેલાં એક મહાત્માએ બૂમ પાડી -

"બાબા, આગળના પડાવ પર આટો નહીં મળે એટલે એક પોટલીમાં અહીંથી થોડો આટો બાંધીને સાથે લેતા જાવ!"

ફક્કડ રામે સ્મિત સાથે જવાબ આપ્યો, "સાધુ શામ કી ફીકર નહીં કરતા."

# સાંભળ્યું છે ને કંઈક વાંચ્યું પણ છે કે... યોગ દ્વારા મનને કાબૂમાં રાખી શકાય, વળી કૃષ્ણ મહાયોગી હતા, એટલે તો યોગેશ્વર કહેવાયા

## ધૂપસળી ધૂણાવે આકાશ
### મારૂં અવળચંડું મન
(હાસ્યલેખ)
- ગિરા પિનાકીન ભટ્ટ

મારૂં મન મારા કહ્યામાં નથી... નથી...ને નથી... તમારૂં છે.? જવાબ જો 'હા' માં હોય તો... તમે નસીબદાર. પરંતુ.. એવું નસીબ મારૂં ક્યા?... અને મારા ચંચળ મનને કાબૂમાં રાખવા, એને સીધે રસ્તે લાવવા સકજામાં લીધું. મહાશય, આપ પણ મનને સકંજામાં લઈ શકો છો... આપણા રસ્તે.

બસ થયું હવે... ચંચળ મન, કહું છું શાંત થઈ જા... નહીંતર... નહીંતર... તોડી નાખીશ, ફોડી નાખીશ, ભૂક્કો બોલાવી દઈશ.

ત્યાં તો મારા મને ઉત્તર આપ્યો... કેવી રીતે...?

કહી દેવા દે... નહીંતર, બિલાડીના પેટમાં ખીર ખદબદે એમ ઉત્તર ખદબદશે.. મારા માથાભારે મને ઉત્તર આપ્યો કે... પેલા ૨૬/૧૧ ના હુમલા જેવો. બસ, થઈ રહ્યું... તે પછી મારૂં મન અમેરિકાની લટાર મારી આવ્યું. વળી, લાદેનને મળી આવ્યું. વલ્ડ ટ્રેડ સેન્ટરના એકેક માળને મન ભરીને જોઈ આવ્યું. અધધ... સોનું, ડોલર,મોતી-માણેક, ધૂળની ડમરીઓ વચ્ચે પણ પેલી સોનાની પાટો મારા ખોળામાં આવીને બેસી ગઈ ચૂપચાપ. સાવ સાચ્ચું બસ, જો... ખોટું બોલે તે તો.. મારૂં જુતું, ને... તમારો વાંસો... પાછી એ સોનાની પાટો સુતેલા બાળકની પેઠે મારા ખોળામાં પણ... પણ ભૂલ મારી કે... મેં સાડી નહોતી પહેરી. નહીંતર પાલવ વડે પાટને ઢાંકી દીધી હોત. સાડી ન હોય તોય વાંધો નહોતો... ડ્રેસના દુપટ્ટાથી ઢાંકી દીધી હોત... આ ફેશનના ફાલ... કૂર્તિ અને લેગીગ્સમાં દુપટ્ટાનો છેદ ઉડી ગયો છે. હાય રે કિસ્મત!

એમ બોલતી જ નહીં બબડતી- બબડતી બેઠી થઈ ગઈ. એય... ઠેકાણે રાખ મગજને... આ ભટકે છે શું ઠેર- ઠેર. કંટ્રોલ કર યાર. વળી, પાછા મારા મનને મેં બ્રેક મારી. હવે... હવે... ચંચળતા છોડ. ઠરીને એક ઠેકાણે બેસ. આ સારૂં ના લાગે. શું જ્યાં ને ત્યાં ભટકવાનુ? આવું સાંભળતાં જ મારા મને પ્રશ્ન પૂછી જ નાંખ્યો. કેમ... કેમ ઠરીને બેસી જવાનું...? કેવી રીતે બેસી જવાનું હૈ...? આમ ફવિકોલ જેવું... મેં હા કહી ત્યાં તો મન ફરી વળ્યું ફેવિકોલની ફેક્ટરીમાં દાદુ.. સજ્જડ છે હોં.. સોલ્લીડ. સાલું... ચીપકા સો ચીપકા... ઉખડવે કા નામ હી નહીં લેતો.. એ ફેવિકોલ કા જોડ હે, તૂટેગા નહીં... એ એડ્. મગજમાં દોડતી આવી ગઈ. આવે આવે ટીવીની બધી સીરીયલોના પીપડા ઠાલવવા લાગી. એમાં એકતા કપૂરે પણ દેખા દીધીતી હોં. મનને ચીપકાવવા જસો! પણ ભારે કરી હોં. ટીવીની સીરીયલો પણ પાણીને બદલે ફેવિકોલ પીવે છે. બોલો...! એક પછી એક સીન સવારી કરતાં જ રહ્યાં. વળી, પાછા ભટકતાં મનને કંટ્રોલ કરવાના પ્રયત્નોમાં હું લાગી ગઈ... લ્યો. વિચારોમાં ગરકાવ... ઊંડીને ઊંડી ઉતરતી જ ગઈ. ત્યાં તો ... ભટકતા મનને બ્રેક વાગી. એય...કંટ્રોલ કર કંટ્રોલ. આમ શું મનને ભટકતું મૂકી દે છે... સાલું વળી, વાત પણ સાચી છે હો. આ મનની ચંચળતાને શું કોઈ તાળું નહીં લાગે...? કોઈ તાળું-બાળું હોવું જોઈએ. હા. આવું વિચારું ત્યાં તો... મને પ્રશ્ન કર્યો... કયું તાળું સારું ને કયું ખોટું..? ...ને તાળામાં નામ યાદ છે? ક્યાં ક્યાં? ... ગોદરેજ, હરિસન, કોનાર્ક, સહારા, રૂબી, મીકો, ગોલ્ડડોર, ચાઈનીઝ (ચાઈનીઝ નામ સાંભળી મોં- માં તાળું મારી દેવાનું શું સમજ્યા..?) એમ કંઈક જાતનાં તાળાને એમના અવનવા આકારો, નાની-નાની વળાંક વાળી અવનવી ચાવીઓ... આ બધું કેમ કરતાં મેળ પડતું હશે...? ને કેમની શોધ લોકો આદરતા હશે. એવા વિચારોએ મન ઉપર કબ્જો જમાવી દીધો.

ના જાગી શકાય કે ઊંઘી શકાય એવી પરિસ્થિતિમાં મારા મનને મંદિરમાં લઈ જવાનો આદેશ આપ્યો... પણ આ શું...? આ તો મન મંદિરમાં ને જીવ જુતામાં ગયો... બહાર જઈ જુતા મૂક્યા બગલ થેલામાં અને દર્શન કરતી ત્યાં તો... દેખાણા માતાજીના ગળામાં પહેરેલા કે પહેરાવેલા હાર... ઓહ... બાપ... રે..! આટલા બધા હાર? આટલું બધું સોનુ? અને તે પાછું મંદિરોમાં? આ સાલુ સામાન્ય સ્ત્રીઓ બિચારી ગળામાં તોલાનો દોરો પહેરેને તે પણ ચોરાઈ જાયને મૂર્તિઓને હારના હારડા. આ તો ભાઈ ભારોભાર અન્યાય હો...આવું હરગિજ ન ચલાવી લેવાય. એવા વિચારો સાથે જાણે મારા મનને પ્રમોશન મળ્યું. આ ચેઈન સ્નેચરો પાસે જઈ લાવ વિદ્યા શીખી આવું... એકાદ હાર હાથ લાગી જાય તો... તો... બેડો પાર થઈ જાય.

અલી.. ઓ મર્ખ? શું માંડ્યું છે હૈ...? તું કોણ? તારા મા-બાપ કોણ આવા તારા સંસ્કારો ? તારા મા-બાપ તો સાક્ષાત ભગવાન જેવા હતા... ને દુષ્ટ તું આવું ચોરી કરવાનું વિચારે છે, ને તે ય પાછું આ શ્રાવણ મહિનામાં? એક સાંત્વના મનને આપ્યું કે આ મહિનામાં આવું ન વિચારવું કે, અમલમાં મૂકવું. બાકી... બીજા અગિયાર મહિનામાં કંઈ વાંધો નહીં...ખબરદાર..! આ મહિનામાં મનને આવા હલકટ રસો જવા દીધું છે તો..! મેં મારા મનને સોલ્લિડ બ્રેક મારી...

બહું થયું મન, હવે હવે... ક્યાંય જવાનું નથી હો. અહીં જ બેસી રહે. ના કેમ બેસે? કંઈ તારા બાપનું રાજ નથી. એવું ચોપડાવી દેવાની ઈચ્છા દબાવી ગીતામાં મન પરોવી જોયું.

'સ્થિત પ્રસસ્યં ભાષા, સમાધિસ્થસ્ય કેશવ ।'

કરતી ભાગ્યા તૂટયા ભરૂચ જેવા આવડતા બે-ચાર શ્લોકો મનમાં બોલવા લાગી, મન પરોવવાના વ્યર્થ પ્રયત્નના ભાગ રૂપે પણ... પછી શું? સજાગ થી ગઈ હતી. હંટરવાલી બની ગઈ. જો... હવે... જરાક આડું આવળું ગયું છે ને તો.. તો.. જોયા જેવી થશે... હા, તારી ખેર નથી, કેમ? મન કેમ કાબુમાં ન રહે? મારા શરીરમાં વસવાનું ને મારા કહ્યામાં જ નહીં રહેવાનું ..? આવું કોણ ચલાવી લે... હવે મનને કંટ્રોલમાં રાખવું એ મારા હાથની વાત છે. એ શું એનો બાપ પણ કાબુમાં રહે... કહેતી ને કંઈક અંશે ચોપડાવતી, વારતી, સજાવતી, પટાવતી કે રામ જાણે પણ... મનને અંકુશમાં લાવવા પ્રયત્નશીલ બની.

સાંભળ્યું છે ને કંઈક વાંચ્યું પણ છે કે... યોગ દ્વારા મનને કાબુમાં રાખી શકાય. વળી કૃષ્ણ મહાયોગી હતા. એટલે તો યોગેશ્વર કહેવાયા. બસ બધું જાય જહન્નમમાં. કાલે યોગ શીખવો છે. અને બાબા રામદેવ જયાં હોય ત્યાં પહોંચી જાઉં. અને યોગ દ્વારા મનને કંટ્રોલ કરવાનું શીખી જવું. પછી તો.. ભગવા રંગમાં લાંબી દાઢી અને યોગ શીખવતાં બાબા રામદેવે દીધાં દર્શન... પરંતુ, યોગ રહ્યો યોગના ઠેકાણે પણ મને તો દેખાણી એમની ઝુંબેશ. 'કાળું નાણું'- એ વળી શું.? તે જાણવાની અધીરાઈ હું રોકી ન શકી અને એમની બેઠકમાં દોડી ગઈ. અન્નાજી, બાબા રામદેવ, કિરણ બેદી, અરવિંદ કેજરીવાલ, સિસોદીયાને બીજા કેટલાંક કેટલીક માંગણીઓ અંગે ચર્ચામાં મશગુલ હતા. મારી ચાંચ એમાં ડૂબે એમ ન્હોતી. છતાં મારા મનને એમાં રસ પડ્યો કે નિરસ...? દેશમાં મોંઘવારીનાં કારણો, મજબૂત લોકપાલ બીલની માંગણીઓ, અને ભ્રષ્ટાચારને રોકવો... આમ, ચર્ચાના ચગડોળે સૌ ગળકાવ હતાં. મારી ચાંચ ન ડૂબતાં ઝોકાં આવવા લાગ્યાં. પછી તો ક્યારે નિંદર આવી ગઈ તે ખબર જ ન પડી. પરંતુ, જાગી ત્યારે મારૂં મન પાછું સમૃધ્ધ થઈ બેઠું હતું. જંતર-મંતરના મેદાવથી માંડી દુનિયાની સફરે ઉડવા.

તા.ક. -

ઊંઘ ન આવે ત્યારે... સાવ ભારેખમ કે બોરિંગ વિષય પકડવો. દાદુ.. તાકાત સાવ હણાઈ જાય મનની... ઊંઘની ને આવી જાય શરણે. એજમાની જોજો.

# ગુજરાતમાં છેલ્લે કયો નવો જિલ્લો બનાવવામાં આવ્યો?




### વિષય : ગુજરાતની ભૂગોળ

(૧) બળવંતરાય બંધ અભ્યારણ્ય કયા જિલ્લામાં આવેલું છે?
(અ) વડોદરા (બ) તાપી (ક) નર્મદા (ડ) કચ્છ
(૨) ગુજરાતમાં માતૃશ્રાધ્ધ તરીકે કયું સ્થળ જાણીતું છે?
(અ) પ્રભાસ પાટણ (બ) ચાણોદ (ક) દ્વારકા (ડ) સિધ્ધપુર
(૩) ગુજરાતનું કયું શહેર સાક્ષર નગર તરીકે ઓળખાય છે?
(અ) અમદાવાદ (બ) નડિયાદ (ક) વડોદરા (ડ) પાટણ
(૪) ગુજરાતનું સૌથી મોટું નાટ્યગૃહ - હેમુ ગઢવી નાટ્યગૃહ કયાં આવેલું છે?
(અ) રાજકોટ (બ) ભાવનગર (ક) વડોદરા (ડ) અમદાવાદ
(૫) ગુજરાતના કયા સ્થળને 'સાધુઓનું પિયર' કહે છે?
(અ) ડાકોર (બ) દ્વારકા (ક) જૂનાગઢ (ડ) અંબાજી
(૬) ગુજરાતનો સૌથી મોટો લોકમેળો કયો છે?
(અ) તરણેતર (બ) ભવનાથ (ક) વૌઠા (ડ) માધવપુર
(૭) બન્નીનાં પ્રખ્યાત ઘાસના મેદાનો કયાં જિલ્લામાં આવેલાં છે?
(અ) કચ્છ (બ) બનાસકાંઠા (ક) સુરેન્દ્રનગર (ડ) સાબરકાંઠા
(૮) કઈ નદીનો કિનારો 'સુવાલીની ટેકરીઓ' તરીકે ઓળખાય છે?
(અ) નર્મદા (બ) પૂર્ણા (ક) તાપી (ડ) પૂર્ણા
(૯) દાદા હરિની વાવ કયાં આવેલી છે?
(અ) અમદાવાદ (બ) જૂનાગઢ (ક) ભૂજ (ડ) ભરૂચ
(૧૦) તેન તળાવ કયાં આવેલું છે?
(અ) નડિયાદ (બ) વિરમગામ
(ક) ડભોઈ (ડ) પાટણ
(૧૧) ગુજરાતમાં પારસી ધર્મના લોકોની સૌથી વધુ વસતી કયાં જિલ્લામાં છે?
(અ) ડાંગ (બ) નવસારી (ક) વલસાડ (ડ) વડોદરા
(૧૨) જૈન તીર્થ સ્થાન ભદ્રેશ્વર કયા જિલ્લામાં આવેલું છે?
(અ) પાટણ (બ) મહેસાણા (ક) અમદાવાદ (ડ) કચ્છ
(૧૩) બટાકા સંશોધન કેન્દ્ર કયાં આવેલું છે?
(અ) ધર્મજ (બ) દહેગામ (ક) નવસારી (ડ) ડીસા
(૧૪) ગુજરાતમાં છેલ્લે કયો નવો જિલ્લો બનાવવામાં આવ્યો?
(અ) નર્મદા (બ) આણંદ (ક) દાહોદ (ડ) તાપી
(૧૫) કર્કવૃત્ત ગુજરાતના નીચેનામાંથી કયા જિલ્લામાંથી પસાર થાય છે?
(અ) સુરેન્દ્રનગર (બ) જૂનાગઢ (ક) સાબરકાંઠા (ડ) સુરત

### ● વિવિધા ●

| દેશ | ચલણ |
|---|---|
| અફઘાનિસ્તાન | અફઘાની |
| અલ્જિરીયા | દિનાર |
| આર્જેન્ટિના | ઓસ્ટ્રલ |
| એકેવાડોર | સુકે |
| ઈજિપ્ત | પાઉન્ડ |
| ઈઝરાયેલ | શેકેલ |
| ઈથોપિયા | બિરર |
| ઈન્ડોનેશિયા | રૂપિયાહા |
| ઈરાક | દિનાર |
| ઈરાન | ચલણ |
| ઈંગ્લેન્ડ | પાઉન્ડ |
| ઑસ્ટ્રેલિયા | ડૉલર |
| કયૂબા | પેસો |
| દ. આફ્રિકા | રેન્ડ |
| કેનેડા | ડૉલર |
| નાઈજિરીયા | નાયરા |
| નેપાલ | રૂપિયો |
| નોર્વે | ક્રોન |
| ન્યૂઝીલેન્ડ | ડૉલર |
| પાકિસ્તાન | રૂપિયો |
| પૉલેન્ડ | ઝલોટી |

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - તાજેતરમાં સમાજવાદી પક્ષના કયા નેતાએ ઉત્તર પ્રદેશ સરકારમાંથી રાજીનામું આપવાની ધમકી આપી હતી?
જવાબ - મોહંમદ આઝમખાન

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) શિવશ્યામ પી. જોષી : જી.એસ.ઈ.સી.એલ. કોલોની
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૬) મહેશ એમ. જાદવ : સે-૩૦

### ● પૂછું એક સવાલ...!

(૧) રમ્ય એમ. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - બેન્ચેનાઈટ ખનીજ ગુજરાતનાં કયા જિલ્લાઓમાંથી મળે છેય
જવાબ - કચ્છ અને ભાવનગર
(૨) પટેલ તરૂણ કે. : સે-૩થી
પ્રશ્ન - રવિશંકર રાવળ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
જવાબ - ચિત્રકલા
(૩) વાઘેલા પૃથ્વી. એસ : સે-૨૮થી
પ્રશ્ન - 'કરણ ઘેલો' ના સર્જક કોણ હતા? જવાબ - નંદશંકર મહેતા
(૪) શાહ કેતુલ ડી. : સે-૨૦થી
પ્રશ્ન - મહંમદ ગઝનવીએ કઈ સાલમાં સોમનાથ પર આક્રમણ કરી લૂટ્યું હતું? જવાબ - ઈ. સ. ૧૦૨૬ માં
(૫) પરમાર તન્વી એસ. : સે-૧૭થી
પ્રશ્ન - મણિપુરી નૃત્ય કલાનું મથક કયાં આવેલું છે?
જવાબ - ઈમ્ફાલ

### ● આ સપ્તાહનો સવાલ...?

કેન્દ્રમાં કયા દલિત નેતાને ગૃહમંત્રી બનાવવામાં આવ્યા?

### ● સાચા જવાબો :-

(૧) ડ (૨) ડ (૩) બ (૪) અ (૫) ક (૬) ક (૭) અ (૮) ક
(૯) અ (૧૦) ક (૧૧) બ (૧૨) ડ (૧૩) ડ (૧૪) ડ (૧૫) ક

# વરસાદ ... વાદળોની ભાષા કઈ?

## કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

વરસાદ પડ્યો નહીં અને પ્રકૃતિનાં પ્રકોપની ચર્ચાઓ શરૂ થઇ ગઇ... વૃક્ષારોપણનાં, વન મહોત્સવોનાં - ધાર્મિક થવાના, ઉપવાસ કરવાનાં - ઇતિહાસનાં પાનાઓમાં જકડાઇ ગયેલી તારીખોને ફરી યાદ કરવાનાં દિવસો આવી ચૂક્યા છે, પણ આ વર્ષે અખબારી તસ્વીરો રીપીટ નથી થઇ રહી... શેકાતા મકાઇ ડોડાનાં ધુમ્મસિયા બ્રેક ગ્રાઉન્ડમાં મકાઇ ખાતા લોકોની, ફિલ્મી ફેન્ટસીની જેમ હાથ ખુલ્લા રાખી પલળતી છોકરીઓની, ઇલેક્ટ્રીફાઇડ થયેલા આસમાનની, રસ્તાઓ પર થયેલા ટ્રાફિક જામની, સડકો પર પડતાં ખાડાની, પાંખો ફેલાવીને નાચતાં મોરની, નાના નાનાં છોડ રોપી મોટા મોટા ભાષણ આપતાં રાજકારણીઓની... તસવીરો રીપીટ નથી થઇ આ વખતે અખબારી તસ્વીરોમાં પણ 'દુર્ભિક્ષ' પડી ગયો... આવ રે! વરસાદ...!

વરસાદ પડ્યો નહીં... અને રોજ સવારે પલળેલાં છાપાઓમાં પાનાઓએ કાર્ડિયાક સર્જનની જેમ ખોલવાની અને ચા માંથી ઉઠતી ગર્મ ખૂશ્બુનો મોર્નિંગ રોમાંસ થયો નહીં. મલેરિયાથી સાવધાન અને મચ્છરોનાં મોડેલ જેવા સુરેખ આકારનાં ફોટાઓ વાળી ડેન્ગ્યુની જાહેરાતો પણ ઓછી થઇ ગઇ. સતત ધોવાયેલા વાદળોએ પડછાયા સંતાડી દીધા અને આંખોમાં અપેક્ષાઓનાં સરવાળાં મુકી દીધા... વરસાદ!! હજી સ્ટાફની બસ રેગ્યુલર આવે છે, કોલેજનાં લેક્ચરર સમયાનુસાર છે, એસ.ટી.ની ઓવર એક્ઝોસ્ટેડ બસોની તૂટેલી બારીઓમાંથી વેફરનાં પડીકાં છૂટાં ફેંકાય છે... વરસાદ પડ્યો નહીં અને જીવનની તમામ અનિયમિતતા હજુ નિયમિત છે...! વરસાદ... બધું થંભાવી દે છે - રિ-શિડ્યુઅલ કરે છે... એક બ્રેક આપે છે... જીવનની કૂંપળો ફૂટે છે ને વાદળો ઝરમર - ઝરમર વરસી હસતાં જાય છે... ઓહ રેઇન! પ્લીઝ કમ!

આફ્રિકામાં વીલ્ડર બીસ્ટ નામનાં જંગલી ભેંસા બારિશનો પીછો કરે છે, હજારોની સંખ્યામાં... મસાઇમારા નદીનાં મગરોનાં કાતિલ જડબાઓ કૂદાવીને... બારિશ કે પીછે પીછે. બાદલ, બારિશ, પાની... ઘણી કહાનીઓ લખી જાય છે... શહેરો, ગામો, દેશો, ધર્મો, શાસ્ત્રો, જંગલો, ભૂગોળો... ઇતિહાસો... લોકો... બારિશ પાસે ઘણી વાર્તાઓ છે. બાઇબલમાં સતત ચાલીસ દિવસ અને ચાલીસ રાત સુધી વરસાદ પડ્યો છે ને નોહાનું જહાજ દુનિયાના નાના-મોટા જીવોને બચાવે છે. વરસાદ અને જળપ્રલયની કથાઓ ઇશ્વરીય પ્રકોપની અવધારણા સાથે આજે પણ જોડાયેલી છે... અને ધરતી પર જીવનનો ઇતિહાસ પાણીની અંદર જ શરૂ થયો હતો... તો શું અંત પણ...?

વરસાદ વરસે છે... એમેઝોનમાં વર્ષાવનોથી માંડીને આફ્રિકાનાં જંગલો સુધી, મીટીરીયોલિજકલ કેલ્ક્યુલેશન થતાં રહે છે... સેટેલાઇટની આંખો અંતરીક્ષમાંથી પૃથ્વી પર થતી કુદરતી લીલીઓની તસવીરો કેદ કરતી રહે છે... સાગરનાં પ્રવાહો ઉછળે છે... હવાઓ ગરમ થાય છે, ક્યાંક દબાવ ઘટે છે... લા નીનો - અલનીનો ને... હવામાન ખાતાનાં સાધનોમાં આંકડાઓ કૂદાકૂદ કરે છે... દુનિયાભારનાં તાપમાન, હવામાન અને આબોહવામાં ભયંકર વિવિધા છે... પ્રકૃતિનું નાજુક સંતુલન તેને ટકાવી રાખે છે... માણસ તેને અસંતુલિત કરવાની ને પાછી સંતુલિત કરવાની રમત રમી રહ્યો છે... જેના પરિણામો ભોગવવાની ચેતવણી દરેક માણસે સાંભળી છે... અને ભૂલાવી દીધી છે. ભારત જેવા મૌસમી આબોહવાનાં દેશમાં વરસાદ આજે પણ અર્થતંત્રનો આધાર છે... કેમ કે, દેશની મોટા ભાગની વસ્તી હજી કૃષિ આધારિત છે... અને વરસાદ આજે પણ હાથતાળી દઇ છટકી જાય છે...

વરસતો વરસાદ એ ધ્યાનસ્થ તપસ્વી જેવો લાગે છે... સતત, સ્થિર, અચળ! એ એ વરસાદ જે વરસ્યો જ નથી તે? વિધવાઓની સાડીનાં રંગો જેવો... ફિક્કો, સૂકાયેલો, વિખરાયેલો, વરસાદ નથી વરસતો એના વિશ્લેષણમાં પાનનાં ગલ્લાવાળાથી માંડીને વૈજ્ઞાનિકો સુધીનાં... નિરક્ષરથી સાક્ષર સુધીનાં... અજ્ઞોથી વિશેષજ્ઞો સુધીનાં... આસ્તિકો થી નાસ્તિકો સુધીમાં... કેટલાંય લોકોનાં તર્ક-વિતર્કો છે... માન્યતા છે...


પ્રાર્થનાઓ થાય છે... યજ્ઞો કરાવાય છે... શ્લોકો બોલાવાય છે... અને એવું ઘણું બધું... પણ આકાશની ભાષા કઇ? વાદળોને કાન હોય છે? રે... મલ્હાર છેડો કોઇ...!!

વરસાદ એ સંવેદનશીલ થવાની ઋતુ છે. અને જો એ ના વરસે તો સહનશીલ થવાની! આ એ મોસ છે જયાં કોસ્મિક સિમ્ફનીનાં તમામ સૂર એક સાથે વાગે છે... રંગોથી લઇ અંગો સુધી... જીવનની પ્રચુર એક દુનિયા ખીલે છે... એક ઇશ્વરીય સ્પર્શની જેમ વરસાદ ધરતી પર હાથ ફેરવે છે ને ગ્રીષ્મની તપીશમાં જાણે ચીરનિંદ્રામાં સરી પડેલી ધરતી ફરી સજીવન થઇ ઉઠે છે... આકાશમાંથી વરસતી દરેક બૂંદ એ પૈગામ લઇ આવે છે કે... પિક્ચર અભી બાકી હૈ મેરી દોસ્ત... જિંદગી જિંદાબાદ...

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે


### ૩જી ઓગષ્ટ




● ગણિત શાસ્ત્રી - ખગોળશાસ્ત્રી આર્યભટ્ટનો જન્મ તા. ૩-૮-૪૭૬. ગ્રહણના સાચા કારણના શોધક, પૃથ્વી સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. તેવી મહાન શોધોનો જનક. આપણે આ ગણિતશાસ્ત્રી - ખગોળશાસ્ત્રીના 'નામ સાથે ઉપગ્રહનું નામ જોડીને યોગ્ય અંજલિ આપી.'

● ચુસ્ત સુતરાઉ કાપડના વિકાસમાં મહત્ત્વનો ફાળો આવનારા સર રિચાર્ડ આર્કરાઇટની પુણ્યતિથિ.

● ગુજરાતી



સાહિત્યના વિકાસમાં અગત્યનો ફાળો આપનારા અંગ્રેજ એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસનું અવસાન થયું.